Reg. No. 13051
Date : 06/12/2022

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | **IN-GJ69384900629145U** |
| Certificate Issued Date | : | 06-Dec-2022 12:14 PM |
| Account Reference | : | IMPACC (SV)/ gj13155804/ BARODA/ GJ-BA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1315580467055717120097U |
| Purchased by | : | Asgar Ali |
| Description of Document | : | Article 14 Bond |
| Description | : | Affidavit Cum Declaration |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | Shivagan Realty |
| Second Party | : | Not Applicable |
| Stamp Duty Paid By | : | Shivagan Realty |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

Falguniben G. Thakkar Vadodara

NOTARY ★ (INDIA) GIRISH N. THAKKAR AREA VADODARA DIST. Reg. No. 936-2009 Expiry Dt. 28-02-2024 ★ GOVT. OF GUJARAT

JD 0023396964

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

06-Dec-2022 12:14 PM 06-Dec-2022 12:14 PM 06-Dec-2022 12:14 PM
SHIVAGAN REALTY SHIVAGAN REALTY SHIVAGAN REALTY


# Affidavit cum Declaration for Annexure "A"

AFFIDAVIT, WHICH SHALL BE SIGNED BY THE PROMOTER OR ANY PERSON AUTHORISED BY THE PROMOTER FOR ENTERED INTO AGREEMENT BETWEEN PROMOTER AND ALLOTTEES (S)

Affidavit cum declaration of, Promoter of project / duly authorized by promoters of**SHIVANGAN REALTY**of the Project Name:"**KESHAV COMPLEX**" R.S NO.-681, BLOCK NO.- A/5 (Unit No. 09 &10) of Kirtikunj Co.-Op. Housing Society, F.P NO. -, T.P- ,O.P NO.-, TotalArea of under Layout: **16389.77Sq.Mts.** Admeasuring Net Area of Planning under Layout:**15035.55 (Sq.Mts.)admeasuring Net area of planning for the project : 390.93 Sq.Mts,** Mouje Village**KARELIBAUG, VADODARAKASBA**, Taluka. **VADODARA**. Vide its/his/her/their authorization dated **03/12/2022**

I / We**Mr. AJAYSINH BHARATSINH SARVAIYA**Promoter of above said proposed / duly Authorized by the promoters of **SHIVANGAN REALTY**("**KESHAV COMPLEX**")of the above said proposed project do hereby solemnly declare, undertake and state that,

I / We promoter / duly Authorized by the promoter of the above propose said project duly enter and execute "Annexure-A" Prescribe in the Gujarat Real Estates (Regulation and Development General) Rules, 2017 for "Agreement to be entered into between Promoter and allotee(s) (see rule 9)".



**Mr. AJAYSINH BHARATSINH SARVAIYA**

**Deponent**



ATTESTED
GIRISH N. THAKKAR
NOTARY (Govt. of Gujarat)
06/12/2022

## : કબજા વગરનો બાનાખત કરાર :

આ બાનાખત આજ રોજ વિક્રમ સંવત ૨૦૭૮ ના કારતક સુદ ને વાર, તારીખ : . . .૨૦૨૨ ના રોજ નીચેના પક્ષો વચ્ચે બનાવવામાં આવેલ છે.

એક પક્ષવાળા/ ખરીદનાર :

........................................................, ઉ.વ.આ....., ધંધો- ............, રહેવાસી,

......................................................................................................................

જેમને હવે પછી આ કરારમાં "ખરીદનાર અથવા એકતરફવાળા" એ રીતે સંબોધવામાં આવેલ છે, જે શબ્દના અર્થમાં તેઓના વખતો વખતના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

બીજાતરફવાળા / વેચાણ આપનાર / જમીન માલિક :

શિવાંગન રીયલ્ટી જેનો **Pan No.AERFS9600R** છે, એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદારો -

૧. અજયસિંહ ભરતસિંહ સરવૈયા, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર, રહેવાસી, ઘર નં.૧૭, કર્મ બરસાણા બંગ્લોવ્સ, વેદાંત વિલાની સામે, ગોત્રી રોડ, ન્યુ અલકાપુરી, વડોદરા, ગુજરાત. આધાર નં.૮૬૩૫ ૦૭૦૨ ૫૭૭૮.
૨. હર્ષવર્ધનસિંહ એસ. વાઘેલા, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર, રહેવાસી, ૪૯, સોમેશ્વરા કોમ્પલેક્ષ-૨, સેટેલાઇ ટરોડ, સેટેલાઇટ, અમદાવાદ, ગુજરાત. આધાર નં.૯૨૪૪ ૨૮૫૭ ૪૧૩૭.
૩. રવિન્દ્રસિંહ એમ. ચૌહાણ, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર, રહેવાસી, ૯, કીર્તીકુંજ સોસાયટી, કાશીબા હોસ્પિટલ પાસે, કારેલીબાગ, વડોદરા, ગુજરાત. આધાર નં.૫૩૭૯ ૫૦૩૦ ૨૨૭૯.

જેમને હવે પછી આ કરારમાં "વેચનાર" એ રીતે સંબોધવામાં આવેલ છે, જે શબ્દના અર્થમાં તેઓના વખતોવખતના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

આ બાનાખત બીજા પક્ષ દ્વારા એકપક્ષવાળા તર્ફે બનાવેલ છે જે મુજબ છે :

સદરહુ બ્લોક નંબર જમીન/મિલકત અમો બીજીતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૬૧૯૩, તા.૩૦.૦૬.૨૦૨૨ થી (૧) સવંદમનસિંહ રણજીતસિંહ વાઘેલા, (૨) રીપુદમનસિંહ રણજીતસિંહ વાઘેલા, (૩) રવિન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ પાસેથી વેચાણ રાખેલ છે, અને સદર વેચાણ દસ્તાવેજના આધારે અમો બીજીતરફવાળાનું નામ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૧૦૬૯૩,

SHIVANGAN REALTY

Authorised Signatory

તા.૧૭.૦૯.૨૦૨૨ થી દાખલ થયેલ છે. આમ અમો સદરહુ જમીનના સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર બનેલા છીએ અને સદરહુ મિલકત વેચાણ દસ્તાવેજથી મળેલ તમામ હકકો સાથે વેચાણ કરવાનો સંપૂર્ણ હકક, અધિકાર અને સત્તા છે.

સદરહું જમીન અંગે શિવાંગન રીયલ્ટી નામની ભાગીદારી પેઢીની નોંધણી સરકારશ્રી (Registration of Firm) માં કરવામાં આવેલ છે. જેમાં શિવાંગન રીયલ્ટી એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદારો- (૧) અજયસિંહ ભરતસિંહ સરવૈયા, (૨) હર્ષવર્ધનસિંહ એસ. વાઘેલા, (૩) રવિન્દ્રસિંહ એમ. ચૌહાણ નામની નોંધણી / સમાવેશ કરવામાં આવેલ છે.

સદરહું મિલકતની બજારભાવ પ્રમાણે વેચાણ કિંમત રૂ..............................ની જંત્રીની ગર્વમેન્ટ ઓફિસમાં ખરાઇ કર્યા બાદ બંને પક્ષો દ્વારા નક્કી કરવામાં આવી છે અને ત્યારબાદ તેને કોલમ નં.૨ ની અનુસુચિમાં આપવામાં આવી છે અને પહેલા પક્ષવાળા એ અહી આપેલ અનુસુચિમાં આપેલ મુજબની મિલકત ખરીદવાનું નક્કી છે અને આ વેચાણ કરાર પર બંને પક્ષોની સંમતીથી કામ કરેલ છે.

એક પક્ષવાળા એ જરૂરી દસ્તાવેજો, બિલ્ડીગ પ્લાન અને ટાવરની ચકાસણી અને તેનો અભ્યાસ કરેલ છે, અને તેઓ બાંધકામ કરેલ મિલકત અવેજ રૂ......................../- અંકે રૂપિયા ......................................................પુરામાં બીજા પક્ષવાળા પાસેથી ખરીદવાનું નક્કી કરેલ છે. આથી અવેજની રકમ નીચે મુજબ ચુકવવાની રહેશે.

**: અવેજની ચુકવણી માટેની વિગત :**

| અનુ. નંબર | હપ્તાનો પ્રકાર | અવેજની ચુકવણી ટકાવારીમાં |
|---|---|---|
| ૧. | બુકીંગ સમયે | ૧૦% રકમ |
| ૨. | આ બાનાખત થયેથી દિવસ-૧૫ માં | ૩૦% રકમ |
| ૩. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેનું પ્લીન્થ લેવલનું બાંધકામ પુરૂ થયે | ૪૫% રકમ |
| ૪. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેના તમામ સ્લેબ ભરવાનું બાંધકામ પુરૂ થયે | ૭૦% રકમ |
| ૫. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેની તમામ દિવાલોનું ચણતરકામ, અંદરનું પ્લાસ્ટર, ફ્લોરીંગ તથા બારી-બારણા લગાવવાનું કામ પુરૂ થયે | ૭૫% રકમ |

SHIVANGAN REALTY

Authorised Signatory

| | | |
|---|---|---|
| ૬. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેના સેનેટરી ફીટીંગ, દાદર, લીફ્ટ વેલ, ફ્લોર લેવલ સુધીનું લોબીઝનું કામ પુરૂ થયે | ૮૦% રકમ |
| ૭. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેની બહારનું પ્લમ્બીંગ, બહારનું પ્લાસ્ટર, એલીવીશન તથા ટેરેસના વોટરપ્રુફીંગનું કામ પુરૂ થયે | ૮૫% રકમ |
| ૮. | ફ્લેટ/દુકાન જે વિંગમાં આવેલ છે, તેની લીફ્ટ, પાણીના પંપ, ઇલેક્ટ્રીક ફીટીંગ વિગેરેના કામ પુરૂ થયે | ૯૫% રકમ |
| ૯. | પઝેશન (દસ્તાવેજ) વખતે | ૧૦૦% રકમ |

<u>આ કરાર દ્વારા વેચાણમાં આવેલ મિલકતનું વર્ણન :</u>

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ કસ્બા, તા.જી.વડોદરાની સીમના રે.સર્વે નં.૬૮૧, વ.વી.વોર્ડ નં.૨, શીટ નં.૨૬૭, ચાલતા નં.૨/૪૩, ૨/૪૪, સીટી સર્વે નં.૨૨૫૪, ૨૨૫૫ વાળી જમીનમાં આવેલ "કીર્તીકુંજ કો.ઓ.હા.સો.લી." (રજી. નં.ઘ-૩૫૮) પૈકી બ્લોક નં.૯ તથા ૧૦, જેના પ્લોટનું ક્ષેત્રફળ અનુક્રમે ૧૫૮.૫૦ ચો.મી. તથા ૨૦૫.૧૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૯૦.૯૩ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનું ક્ષેત્રફળ ૮૮.૨૫ ચો.મી. વાળી બીન-ખેતીની જમીન/મિલકત છે, અને સદરહું જમીનના બીનખેતી શાખા દ્વારા બીનખેતી ઉપયોગ માટે વડોદરાના કલેકટરશ્રી દ્વારા તેમના હુકમ દ્વારા પરવાનગી મળેલ છે.

સદરહુ બીનખેતી જમીન માટેવડોદરા મહાનગરપાલિકા દ્વારા વિકાસ-પરવાનગી / રજાચિઠ્ઠી નં.વોર્ડ-૭/એસ.એચ.બી.-૪૦/૨૦૨૨-૨૦૨૩, તા.૧૪.૦૯.૨૦૨૨ થી પરવાનગી મળેલ છે. જે "કેશવ કોમ્પલેક્ષ" નામે દુકાનો / ફ્લેટો બાંધવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| ફ્લેટ/દુકાન નંબર | ફ્લોર | ફ્લેટ/દુકાન નું બાંધકામનુ ક્ષેત્રફળ કાર્પેટ (ચો.મી.) | બાલ્કની અને વોશ એરીયાનું ક્ષેત્રફળ (ચો.મી.) | સદર ફ્લેટ/દુકાનને વરાડે પડતી વણ-વહેચાયેલી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|
| | | | | |

<u>સદરહું મિલકતની ચર્તુ:સીમા નીચે મુજબ છે.</u>

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

SHIVANGAN REALTY

Authorised Signatory

<u>હવે, સાક્ષી અપાયેલ વેચાણખત નીચે મુજબ છે.</u>

વધુમાં બીજા પક્ષવાળા કરાર ખરીદનાર સાથે સદરહું મિલકત માટે કરાર કરે છે કે આ મિલકત ચોખ્ખી અને વેચાણલાયક છે અને બીજા પક્ષવાળાએ સદરહું મિલકતના કોઇ પણ ભાગ કે સંપુર્ણ મિલકત પર કોઇ પણ વ્યકિત કે કોઇપણ રીતે કોઇ જવાબદારી કે બોજો કરેલ નથી અને આ વેચાણ કરેલ, તબદીલ કરેલ મિલકતમાં કે તેના કોઇ પણ ભાગમાં કોઇ પણ વ્યકિતનો હક કે રસ, દાવો કે જવાબદારી નથી, જો પણ કોઇ વ્યકિત કે સંસ્થા દાવા કરતું આવે કે સદર મિલકત માટે વાંધા-વચકા કરે તો તે દૂર કરવાના ખર્ચની જવાબદારી બીજા પક્ષવાળાની રહેશે.

સદરહું જમીન પર બાંધવામાં આવનાર યોજનાનું નામ "કેશવ કોમ્પલેક્ષ" છે અને કોઇ પણ વ્યક્તિ તે નામ બદલી શકશે નહિ. સહિયારા જાળવણી મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ જાળવણી ખર્ચ દરેક સભ્યે ચુકવવાનો રહેશે.

તથા ખરીદનારએ ઉપરના તમામ દસ્તાવેજ અને તેની વિગતો વાંચેલ છે અને / એટલે કે તે આ મિલકતના ટાઇટલથી સંપુર્ણપણે સંતુષ્ટ છે અને ત્યારબાદ તેમણે બિલ્ડરને માંગણી કરેલ છે જેનો ફ્લેટ/દુકાન નં ......................... માળ........................, કુલ કાર્પેટ એરિયા ................. ચો.મી. તથા એટેચ્ડ બાલ્કની અને વોશ એરીયાનું ક્ષેત્રફળ ............ ચો.મી. તથા તેમાં આવેલ તથા પાર્કીંગ/ગેરેજનું ક્ષેત્રફળ ............ ચો.મી. અને એફ.એસ.આઇ. નું ક્ષેત્રફળ ............ ચો.મી. તથા વરાડે પડતી વણ-વહેંચાયેલ જમીનનું ક્ષેત્રફળ ............ ચો.મી. વાળી મિલકત છે. અને જે સુચિ-બી માં વિશિષ્ટ રૂપથી દર્શાવવામાં આવેલ છે અને બિલ્ડરે પણ નીચે જણાવેલ શરતોના પાલન માટે મંજુરી આપેલ છે.

૧. આથી, પ્રમોટર ફ્લેટ/દુકાન વેચાણ માટે મંજુર થયેલ છે જેનો ફ્લેટ/દુકાન નં.......... માળ .........., ક્ષેત્રફળ .................. ચો.મી. કાર્પેટ એરિયા .................અને ....................માં ખરીદનારને રૂા......................./- અંકે રૂપિયા ............................................ પુરા અવેજ માટે આપવા મંજુર થયેલ છે, જેમાં સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, VAT, સર્વિસ ટેકસ, GST, કે કોઇપણ સરકારી કે અર્ધસરકારી ટેક્ષ નો સમાવેશ થતો નથી જે ખરીદનારએ અલગથી ચુકવવાનો રહેશે. આ અવેજ ખરીદનારએ પ્રમોટરને બાનાની રકમ રૂા......................./- અંકે રૂપિયા ............................................પુરા ચુકવેલ છે જેની વિગતો નીચે મુજબ છે :

SHIVANGAN REALTY
Authorised Signatory

| અનું. નં. | ચેક નં. | બેંકનુ નામ | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| | | | | |
| કુલ | | | | |

આથી, "પ્રમોટર" ઉપર મુજબની રકમ મળ્યાની કબુલાત કરે છે.

૨.જત, બિલ્ડિંગનું બાંધકામ વડોદરા મહાનગર પાલીકા વિભાગે મંજુર કરેલ યોજના મુજબ કરવામાં આવશે. અલબત્ત, જો બિલ્ડર ઇચ્છે તો ફ્લેટ/દુકાન / ટાવરના યોગ્ય બાંધકામ માટે તેમાં જરૂર મુજબ કોઇ પણ ફેરફાર કરવા માટે હકદાર છે. જો કે, વેચાણ આપેલ ફ્લેટમાં કોઇ ફેરફાર હોઇ તો બિલ્ડર ખરીદનારાઓની લેખિત મંજુરી મેળવવી પડશે. એ જ રીતે, મંજુર થયેલ યોજનામાં કોઇ ફેરફાર કરે તો, વડોદરા મહાનગર પાલીકા વિભાગ દ્વારા લાદવામાં આવેલ દંડ કે ભરવામાં આવેલ પગલા માટે જવાબદાર રહેશે.

૩.જત, ખરીદનારાઓ મંડળના સભ્ય બનવા માટે બંધનકર્તા રહેશે અને તેમણે કબજો લેતી વખતે સમક્ષ અધિકારી સમક્ષ સભાસદ ફી ભરવાની રહેશે. ખરીદનાર/રાઓ એ મજકુર મિલકતનો કબજો લેવામાં નિષ્ફળ જાય તો કબજો લઇ લીધેલ માનવામાં આવશે અને તેને/ તેણીને વેચાણ ખતની તારીખથી મંડળ/ સોસાયટી દ્વારા નક્કી કરવામાં આવેલ સામાન્ય જાળવણી ખર્ચ ચુકવવાનો રહેશે.

૪.કબજાની, વેચાણ કરારના અમલની કે ફ્લેટ/દુકાન / ટાવરનું બાંધકામ પુર્ણ થયાની તારીખ, તેમાંથી જે તારીખ પહેલી આવે તે તારીખ સુધીના તમામ કર અને રાજય સરકારના અને સ્થાનિક સત્તાના તમામ ખર્ચા ડેવલપરે ચુકવવાના રહેશે અને તે તારીખ બાદ દુકાન / ફ્લેટ / ટાવર ખરીદનાર/રઓએ ચુકવવાના રહેશે.

૫.તબદીલ / વેચાણ કરારની તેમના નામે કરવાની કાર્યવાહી અને નોંધણીના તમામ ખર્ચા ખરીદનાર/રાઓએ ચુકવવાના રહેશે અને મંડળના થાપણની રકમના હિસ્સા માટે પણ પૈસા ચુકવવાના રહેશે.

૬.પ્રમોટર એલોટીને સદર એપાર્ટમેન્ટનો કબજો મોડામાં મોડા તા.૩૧.૧૨.૨૦૨૭ સુધીમાં અથવા તે પહેલાં સોંપી દેશે. જો પ્રમોટર તેમ કરવામાં કસૂર કરે અથવા એવી કોઇપણ સ્થિતિ જે તેના અથવા તેના એજન્ટસના નિયંત્રણ બહાર હોવાને કારણે કબજો સોંપવાનું ટાળે, તેવા સંજોગો માં એલોટ દ્વારા માંગણી કરાયેથી પ્રમોટર સદર એગ્રીમેન્ટના મુદ્દા નં.૭ મુજબ એલોટ દ્વારા ભરવામાં આવેલ નાણાં અને તેના પર બેંકને ચુકવેલ વ્યાજ સહિતના તમામ નાણાં એલોટીને રકમ મળ્યાની તારીખથી વ્યાજસહિત ચૂકવવા જવાબદાર છે.

SHIVANGAN REALTY

Authorised Signatory

જો કે, ખાસ કિસ્સામાં પ્રમોટર કબજો સોંપવાના સમયગાળામાં વધારો મેળવવાને હક્કદાર રહેશે, જો સદર એપાર્ટમેન્ટનું બાંધકામ નીચે મુજબના સંજોગોને લીધે વિલંબિત થયેલ હોય.

(૧) યુદ્ધ, પ્રજાકીય આંદોલન અથવા દૈવી આપત્તિ

(૨) નોટીસ, ઓર્ડર, રૂલ, સરકારી અને / અથવા અન્ય જાહેર કે સક્ષમ સત્તામંડળ/ કોર્ટનું નોટીફિકેશન.

૭. ૭.૧ કબજો લેવાની કાર્યવાહી પ્રમોટર, સમક્ષ સત્તાધિકારી પાસેથી ઓક્યુપન્સી સર્ટીફિકેટ મેળવ્યા બાદ અને એલોટી દ્વારા સદર કરાર મુજબ નાણાંની ચુકવણી થયા બાદ ૩ મહિનાની અંદર એલોટીને એપાર્ટમેન્ટ/ પ્લોટનો કબજો સોંપશે. પ્રમોટર એ બાબતે ખાતરી આપે છે કે પ્રમોટરના પક્ષે પૂર્ણ કરવાની આવતી કોઇપણ પ્રકારની જોગવાઇ, ઔપચારિકતા કે દસ્તાવેજીકકરણ લગતી બાબતોની પૂર્તતા તે કરી આપશે. પ્રમોટર ઓક્યુપન્સી સર્ટીફિકેટ મળ્યાના દિન-૭ની અંદર તેના જતી એલોટીને એપાર્ટમેન્ટનો કબજો સોંપવાની કાર્યવાહી કરશે.

૭.૨ પ્રમોટર દ્વારા લેખિતમાં સદર એપાર્ટમેન્ટ ઉપયોગ તેમજ રહેઠાણ માટે તૈયાર હોવાની નોટીસ મળ્યા એલોટ દિન-૧૫ માં ઓપાર્ટમેન્ટનો કબજો લેશે.

૭.૩ પ્રમોટર મિલ્કત નો કબજો તારીખ તા.૩૧.૧૨.૨૦૨૭ સુધી અથવા તે પહેલા સોપી આપશે જો પ્રમોટર ઠરાવેલ સમય પ્રમાણે પ્રોજેકટ સંપુર્ણ કરવામાં તથા એલોટી ને ફ્લેટ સોપવામાં નિષ્ફળ નીવડે તથા એલોટી ને જાતે પ્રોજેકટ માંથી પોતાની મિલ્કત રદ ન કરાવી હોય તો પ્રમોટર કબજો સોંપી આપે ત્યા સુધી તેને મળેલ તમામ રકમ વાર્ષિક **SBI MCLR + ૨ %** ના દર મુજબ વ્યાજ ચુકવશે તેમજ એલોટી પણ જો ચુકવવામાં ઢીલ કરે તો જે મુજબ ચુકવાની હોય તે તારીખ પછી વાર્ષિક **SBI MCLR+ ૨ %** દર મુજબ વ્યાજ ચુકવવાનુ રહેશે.

૭.૪ સદર એપાર્ટમેન્ટનો કબજો સોંપ્યા બાદ પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટ એપાર્ટમેન્ટની અંદર અથવા તો બિલ્ડીંગ જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તેમાં, કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતા કે સેવાની જોગવાઇને કારણે ઉદ્દ્ભવેલ ક્ષતિ પ્રમોટરના ધ્યાને લાવે, તેવા સંજોગોમાં, શકય હોઇ ત્યાં પ્રમોટર પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપૂર્તિ શકય ન હોય તો એલોટી પ્રમોટર પાસેથી કાયદામાં સૂચવે પદ્ધતિએ વળતર મેળવી શકે છે. જોકે પ્રમોટર ના નિયંત્રણ બહારની હોય તેવી કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવત્તા કે સેવાની જોગવાઇની ક્ષર્તિ પૂતિ માટે પ્રમોટરે જવાબદાર રહેશે નહી.

SHIVANGAN REALTY

Authorised Signatory

૭.૫ બાંધકામ પુર્ણ થયા બાદ એલોટી ને સોંપવામાં આવે આખરે કારપેટ એરીયા ની પ્રમોટર પુષ્ટિ કરસે તથા ૩ % ની મર્યાદામાં રહી ને ફેરદાર ની વિગત પુરી પડયા બાદ સક્ષમ અધિકારી (મ્યુનીશીપલ કોર્પોરેશન) દ્વારા ઓકયુપેન્સી પ્રમાણપત્ર આપવામા આવશે.કાર્પેટ એરીયા ની પ્રમોટર દ્વારા પુષ્ટિ થયા બાદ સંપુર્ણ કિંમત ની ફેર ગણતરી કરવામાં આવશે

૭.૬ કારપેટ એરીયા ની ચુકવવા પાત્ર કુલ કિંમત ની પ્રમોટર દ્વારા કન્ફર્મ થયા બાદ કાર્પેટ એરીયાની ચુકવવાપાત્ર કિંમત માં ફેર ગણતરી કરાવવામાં આવશે.જો ઠરાવેલ મર્યાદા કર્તા ઓછો કાર્પેટ એરીયા હશે તો પ્રમોટર નિયમો મા ઠરાવ્યા પ્રમાણે વાર્ષિક SBI MCLR + ૨ % ના દર મુજબ ઠરાવેલ ૪૫ દિવસની માર્યાદા માં વધારાની કરેલ રકમ વ્યાજ સહીત પરત કરશે.ઓલોટી ને એલોટ કરેલ કાર્પેટ એરીયા માં વધારો હશે તો પ્રમાટર ચુકવવાની યોજના હેઠળ ત્યાર પછીના હપ્તા માં તે માગણી કરશે.આ તમામ નાંણાકીય ગોઠવણી કરનાર અવેજ ચુકવણી માટેની વિગતમાં કબુલ કર્યા મુજબ કરવામાં આવશે.

ખામીની જવાબદારી :

૮.મજકુર ફ્લેટ / દુકાન / ટાવરનો કબજો આપ્યાની તારીખ અને ખરીદનાર/રાઓને ભોગવટાનું પ્રમાણપત્ર આપ્યા તારીખમાંથી જે પણ પહેલા આવે તેના ૫ વર્ષ દરમિયાન, જો ખરીદનાર/રાઓ દુકાન / ફ્લેટ / ટાવરની કોઇ પણ પ્રકારની માળખાકીય ખામીઓની કે કારીગરોના કામની ગુણવત્તાની કે સર્વિસની ડેવલપરે આ પ્રકારની ખામીઓ જયારે પણ શકય બને ત્યારે તે પોતાના ખર્ચે સુધારવાની રહેશે અને જોતે પ્રકારની ખામીઓ સુધારવાનું શકય ન બને તો, ખરીદનાર/રાઓ ડેવલપર પાસેથી આ પ્રકારની નુકસાનીના કાયદેસર ના વળતર માટે હકદાર રહેશે. જોકે ખરીદનાર/રાઓ કોઇપણ પ્રકારનો ખાસ કરીને મજકુર બિલ્ડીગના યુનીટ/ ટાવર/ ફેઝના માળખાનાં બદલાવ કરેલ હોવો હોઇએ નહી, જેમાં કોલમ, બીમ કે બીજા તેમાં ફિટિંગમાં કરેલ બદલાવનો સમાવેશ થાય છે, આથી અહી મંજુર કરવામાં આવે છે કે ખરીદનાર/રાઓ બાથરૂમ, કિચન કે ટોયલેટમાં એવો કોઇ પણ પ્રકારનો બદલાવ કરશે નહી જેના લીધે પાણી લીક થાય. જો આ પ્રકારનો કોઇ પણ બદલાવ ડેવલપરની લેખિત મંજુરી વગર કરવામાં આવેતો વળતરની જવાબદારી આપમેળે રદબાતલ થશે. અહી ખામી શબ્દનો અર્થ ડેવલપર જાણી જોઇને કરેલ ઉત્પાદન કે કારીગરીને લગતી એમ થાય છે અને એપાર્ટમેન્ટમાં રહેનારા લોકોના નિષ્કાળજીપુર્વકના ઉપયોગ, વાતાવરણની અનિયમિતતા ને લીધે થતી તુટફુટનો તેમાં સમાંવેશ થતો નથી, અને જો આ પ્રકારનું કામ મંજુરી વગર કરવામાં આવે તો અન્ય ફ્લેટને થયેલ નુકશાનની ભરપાઇ ખરીદનારે કરવાની રહેશે.

SHIVANGAN REALTY

Authorised Signatory

૯.યુનીટને સાચવવાની જવાબદારી ખરીદનાર/રાઆની રહેશે અને ક્લાઉડીંગ માટે જરૂરી તમામ કાળજી લેશે જેમાં તેમણે ટાઇલ્સના જોડાણોમાં નિયમિત રીતે સિમેન્ટ/ ઇપોક્સી પુરાવાની રહેશે જેથી પાણી લીક ન થાય. વધુમાં ડેવલપરે ખરીદનાર/રાઓને આપેલી ઉત્પાદન સામગ્રીની વોરંટી અહી આપેલ સમયગાળામાં પુરી થાય તો તેને યુનીટ/ ફેઝ/ ટાવરના જાળવણીમાં આવરી લેવામાં આવશે, અને જો ખરીદનાર/રાઓ દ્વારા તેના વાર્ષિક જાળવણીના કરાર ન કરવામા આવે/ રિન્યુ ન કરવામાં આવે તો તેના કારણે ઉભી થતી ખામીઓ માટે ડેવલપર જવાબદાર રહેશે નહી.

૧૦. જત, ખરીદનાર/રાઓને એ બાબતની જાણ કરેલ છે અને તેઓ સ્પષ્ટ રીતે કબુલ થાય છે કે યુનીટ/ બિલ્ડીંગ/ ટાવર ના અવારનવાર તુટફુટના ખર્ચામાં અંદરની અને બહારની દિવાલો તેમજ RCC સ્ટ્રક્ચર પર તાપમાનમાં ૨૦° થી વધુ ફેરફાર, નજીકના રોડ તેમજ ભારે ટ્રાફિકને કારણે ભારી વાહનોના લીધે ઉદભવતા ભુકંપનો ને લીધે પડતી મામુલી તિરાડોને સ્ટ્રક્ચરલ ખામીઓ ગણી શકાશે નહી અને ખરાબ કામગીરી કે સ્ટ્રચરલ ખામીઓને કારણે નથી.

૧૧. સદર ફ્લેટ/દુકાન/મિલકતના નકશામાં એકતરફવાળાની જરૂરિયાત મુજબ અમારી ઉપયોગીતા અને જરૂરીયાત મુજબ અમો એકતરફવાળાએ કહ્યા મુજબ સ્થળ પર અમો બીજીતરફવાળાએ ફેરફારો કરેલ છે, જે ફેરફાર અમો એકતરફવાળાએ આજરોજ જોઇ તપાસીને સંતોષપર્વક સદર મિલકતનો કબજો સંભાળેલ છે, અને તેથી ભવિષ્યમાં સદર મિલકત બાબતે જે કાંઇ ફેરફારો કરેલ છે, તે અમો એકતરફવાળાએ કહ્યા મુજબ કરેલ હોવાથી કોઇ તકરાર કરીશુ નહિ.

૧૨. આથી ખરીદનાર/રાઓ કે તેમની ટીમ ફ્લેટ/દુકાન / ટાવરનો કબજો મેળવ્યા બાદ તેનો RCC સ્ટ્રક્ચર, ફ્લોરીંગ, કોમન વોલને અને આ રીતે સંપુર્ણ બિલ્ડીંગને નુકશાન પહોંચે એવું કોઇપણ કામ કરશે નહી, અને કરે તો ડેવલોપર્સની જવાબદારી રહેશે નહિ.

૧૩. આથી ખરીદનાર/રાઓને આ સમજ સાથે વેચાણ માટેનું ફ્લેટ/દુકાન ખરીદવા માટે તૈયાર થયા છે કે મિલકતના કેસ જાહેરનામામાં આપેલ શરતો મુજબ શિડયુલ માં વર્ણન કરેલી મિલકતની એફ.એસ.આઇ માં જો વધારો થાય અને જો ડેવલોપર દ્વારા ટી.ડી.આર ખરીદવા માં આવે તો ડેવલોપર બાંધકામ વધારી શકે છે અને જો આ પ્રકારના બાંધકામની પરવાની મળે તો કોમન એરિયા અને સુવિધાનો વણ વહેંચાયેલ ભાગ પ્રમાણસર રીતે ઘટી જશે.

SHIVANGAN REALTY

Authorised Signatory

૧૪. પ્રમોટરની રજૂઆતો અને વોરંટીઓ :

૧૪.૧ પ્રમોટર સદર પ્રોજેક્ટ લેન્ડ સંબંધિત ક્લીયર અને માર્કેટેબલ ટાઇટલ ધરાવે છે, જે સદર એગ્રીમેન્ટ સાથે જોડેલ ટાઇટલ રીપોર્ટમાં દર્શાવવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેક્ટ લેન્ડ પર બાંધકામ કરવાની આવશ્યક પરવાનગી ધરાવે છે તેમજ સદર પ્રોજેક્ટ લેન્ડ પર પ્રોજેક્ટના અમલીકરણના વાસ્તવિક, ભૌતિક અને કાનુની અધિકારો ધરાવે છે.

૧૪.૨ પ્રમોટર સક્ષમ સદર પ્રોજેક્ટ પર બાંધકામ માટેની સક્ષમ સતામંડળની મંજૂરીઓ ધરાવે છે તેમજ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે વખતોવખત લેવી પડતી મંજૂરીઓ મેળવી લેશે.

૧૪.૩ સદર પ્રોજેક્ટ લેન્ડ બાબત ટાઇટલ રીપોર્ટમાં દર્શાવ્યા સિવાયનો કોઇપણ પ્રકારનો બોજો નથી.

૧૪.૪ સદર પ્રોજેક્ટ લેન્ડ બાબત ટાઇટલ રીપોર્ટમાં દર્શાવ્યા સિવાયનો કોઇપણ પ્રકારનો દાવો કોઇ પણ કોર્ટમાં નિકાલ માટે પેન્ડીગ નથી.

૧૪.૪ સદર પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ લેન્ડ બિલ્ડીગ/વિંગ સંબંધિત સક્ષમ સત્તાધિકારી દ્વારા જારી કરવામાં આવેલ તમામ મંજૂરીઓ, લાઇસેંસ અને પરવાનગીઓ કાયદેસરની છે અને તે કાનૂની પ્રક્રિયાનું પાલન કરીને મેળવવામાં આવશે તથા પ્રમોટર દરેક સમયે પ્રોજેક્ટ લેન્ડ તથા બિલ્ડીગ/વિંગ સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવવાની થતી તમામ મંજુરીઓ, લાઇસેંસ અને પરવાનગીઓ કાનુની પ્રક્રિયાનું પાલન કરીને મેળવવામાં આવશે તથા પ્રમોટર દરેક સમયે સદર પ્રજેક્ટ, પ્રોજેક્ટ લેન્ડ, બિલ્ડીગ/વિંગ અને કોમન એરીયા સંબંધિત લાગુ પડતા તમામ કાયદાઓનું પાલન કરવા બંધાયેલ રહેશે.

૧૪.૫ પ્રમોટરને સદર કરારમાં દાખલ થવાનો અધિકાર છે અને તેમ કરવાથી એલોટીના કોઇપણ અધિકાર, ટાઇટલ કે હિત જે આ કરારથી ઉદભવેલ હોય તેનું હનન થતું નથી.

૧૪.૬ પ્રમોટરે સદર પ્રોજેક્ટ લેન્ડ અને સદર પ્રોજેક્ટ/ફ્લેટ ના વેચાણ કે બાંધકામ બાબત અન્ય વ્યકિત સાથે એવા કોઇ કરાર કરેલ નથી જેનાથી કોઇપણ પ્રકારે એલોટીના સદર એગ્રીમેન્ટથી ઉદભવેલ અધિકારોનું હનન થતું હોય.

૧૪.૭ પ્રમોટર એ બાબતે બાંહેધરી આપે છે કે સદર કરારની રૂએ એલોટીને સદર એપાર્ટમેન્ટ/પ્લોટનું વેચાણ કરવા માટે તેના પર કોઇ પ્રકારનો પ્રતિબંધ લદાયેલ નથી.

૧૪.૮ સદર માળખાની તબદીલી એલોટીઓના એસોસીએશનને કરતી વખતે પ્રમોટર સદર સ્ટ્રકચરના કોમન એરીયાઓની કાનુની, ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો એલોટીઓના એસોસીએશનને સોંપી દેશે.

૧૪.૯ પ્રમોટર સદર પ્રોજેક્ટ સંબંધિત સક્ષમ અધિકારીને ચુકવવાપાત્ર તમામ પ્રકારના વિવાદિત સરકારી લેણાં, દર, ચાર્જીસ અને કર તથા અન્ય નાણાં, લેવી, વસુલાત, પ્રિમીયમ,

SHIVANGAN REALTY
Authorised Signatory

નુકશાની અને/અથવા દંડ તેમજ અન્ય ખર્ચાઓ ચુકવી દીધેલ છે. તેમજ જો બાકી પડતા હોય તે ચુકવવાનું ચાલુ રાખશે.

૧૪.૧૦ સદર પ્રોજેક્ટ બાબત ટાઇટલ રીપોર્ટમાં દર્શાવેલ સિવાય કોઇપણ પ્રકારની સરકારી કે સ્થાનીક સત્તમંડળની નોટીસ કે કોઇ કાનુની નિયમ, સરકારી વટહુકમ, હુકમ જાહેરનામું (મિલકતની જપ્તી કે માંગણી માટેની નોટીસ સહિત) પ્રમોટરને બજવવામાં આવેલ નથી કે આજદિન સુધી મળે નથી.

૧૫. એલોટી/ઓ અથવા જેમના ફાળે સદર એપાર્ટમેન્ટ આવે તેઓ, પ્રમોટર સાથે નીચે મુજબના માટેની નોટીસ સહિત) પ્રમોટર સાથે નીચે મુજબના કરારથી બંધાય છે.

૧૫.૧ કબજો મેળવ્યાની તારીખથી એપાર્ટમેન્ટને સારી અને સુરક્ષિત સ્થિતિમાં રાખવાની જવાબદારી એલોટીની રહેશે. તેમજ એપાર્ટમેન્ટ કે તેના કોઇપણ ભાગ અથવા જ્યાં એપાર્ટમેન્ટ આવેલ છે. તે બિલ્ડીંગમાં એવા કોઇપણ પ્રકારના ફેરફાર કે સુધારા-વધારા કરશે નહી કે કરાવશે નહીં જે નિયમો, નિયંત્રણો કે પેટા-નિયમોની વિરૂધ્ધ હોય અને તેમ કરવું આવશ્યક હોય તો સ્થાનિક સત્તાધિકારીની પરવાનગી વિના કરી શકાશે નહી.

૧૫.૨ એપાર્ટમેન્ટમાં કોઇપણ પ્રકારની જોખમી, જલદ અથવા ખતરનાક પ્રકૃતિની વસ્તુઓ અથવા ભારે ભરખમ વસ્તુઓ જે એપાર્ટમેન્ટને અથવા જ્યાં એપાર્ટમેન્ટ આવેલ છે. તે બિલ્ડીંગમાં બાંધકામ કે માળખાને નુકશાન પહોંચાડી શકે તેમ હોય અથવા એવી વસ્તુઓ વસ્તુઓ જેનાથી દાદર, કોમન પેસેજ અથવા બિલ્ડીંગના અન્ય કોઇપણ ભાગ કે જ્યાં એપાર્ટમેન્ટ સ્થિત છે તથા એપાર્ટમેન્ટના મુખ્ય પ્રવેશને કોઇ પ્રકારનું નુકશાન પહોંચે અથવા નુકશાન થવા સંભવ હોય, તેની હેરફેર વખતે પૂરતી કાળજી રાખવી અને જો એલોટી દ્વારા અપૂરતી કાળજી રાખવી અને જો એલોટી દ્વારા અપૂરતી કાળજી કે બેદરકારીને કારણે આવું કોઇ નુકશાન ઉદભવે તો આવા ઉલ્લંઘનને કારણે ઉભા થનારા સંજોગો માટે એલોટી પોતે જવાબદાર રહેશે.

૧૫.૩ આંતરિક સુધારા-વધારા એલોટીએ જાતે કરાવી લેવાના રહેશે અને પ્રમોટર દ્વારા જે સ્થિતિમાં એપાર્ટમેન્ટ આપવામાં આવેલ હોય તે જ સ્થિતિમાં તેને જાળવી રાખવાનું રહેશે તેમજ સ્થાનિક સત્તાધિકારીના કાયદા, નિયંત્રણો કે પેટાનિયમો વિરૂધ્ધ એવું કાંઇ પણ કરવું કે કરાવવું નહીં ઉપરોકત શરતનો એલોટી દ્વારા ભંગ થાય તે સંજોગોમાં એલોટી પોતે સ્થાનિક સત્તાધિકારી કે અન્ય જાહેર સત્તા પ્રત્યે જવાબદાર રહેશે.

૧૫.૪ એપાર્ટમેન્ટ કે તેના કોઇપણ ભાગની તોડફોડ કરવી કે કરાવવી નહીં તેમજ એપાર્ટમેન્ટના એલીવેશન કે જ્યા એપાર્ટમેન્ટ સ્થિત છે તેની બાહય કલર સ્કીમમાં કોઇ પ્રકારનો ફેરફાર કરવો નહીં અને એપાર્ટમેન્ટના અન્ય ભાગો તથા ગટર, ડ્રેઇનેજ અને

SHIVANGAN REALTY

Authorised Signatory

પાઇપો તેમજ તેના સહયોગી ભાગોને સારી સ્થિતિમાં જાળવી રાખવાના રહેશે, અને ખાસ કરીને, બિલ્ડીગના અન્ય ભાગોને આધાર મળી રહે તે હેતુથી કોલમ, બીમ, દિવાલો, સ્લેબ કે આર.સી.સી. તેમજ એપાર્ટમેન્ટના અન્ય ભાગોમાં પ્રમોટર અને/અથવા લીમીટેડ કંપનીની લેખિત પરવાનગી સિવાય કોઇપણ પ્રકારનું કોતરકામ કે અન્ય કોઇ પ્રવૃતિ કરવી નહી.

૧૫.૫ એવું કોઇ પણ કાર્ય કે બાબત કરવું નહી કે કરવા માટે પરવાનગી આપવી નહી જેનાથી પ્રોજેકટ લેન્ડ અને બિલ્ડીગ કે જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તે અથવા તેના કોઇ પણ ભાગના વીમાનો દાવો રદબાતલ અને બિલ્ડીગ કે જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તે અથવા તેના કોઇપણ ભાગના વીમાનો દાવો રદબાતલ થાય કે થઇ શકે તેમ હોય અથવા તો વીમાના પ્રિમીયમની ભરવાની થતી રકમમાં વધારો થઇ શકે.

૧૫.૬ એપાર્ટમેન્ટ જયાં સ્થિત છે તે બિલ્ડીગના કમ્પાઉન્ડ અથવા પ્રોજેકટ લેન્ડના કોઇપણ ભાગમાં ધૂળ, કચરો, ચીંથરા, એંઠવાડ કે અન્ય કચરો ફેંકવો નહી કે ફેંકવા માટે પરવાનગી આપવી નહી.

૧૫.૭ પ્રમોટર દ્વારા માંગણી કરવામાં આવે તેના પંદર દિવસની અંદર એલોટીએ પ્રમોટરને જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તે બિલ્ડીગના પાણી, વીજળી તેમજ અન્ય સુવિધાઓ કનેકશનના સ્થાનિક સત્તાધિકારીને ચુકવવાના થતા નાણાં ચુકવી દેવાના રહેશે.

૧૫.૮ જે હેતુથી એપાર્ટમેન્ટ વેચવામાં આવેલ હોય તે હેતુમાં એલોટી દ્વારા બદલાવ કરવામાં આવેલ હોય તેના કારણે સ્થાનિક કર, પાણી ચાર્જ, વીમા તેમજ અન્ય લેણાં જે કોઇ હોય તેની રકમમાં સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને / અથવા સરકાર અથવા જાહેર સત્તા દ્વારા વધારો લાદવામાં આવેલ હોય તે એલોટીએ ભોગવવાનો રહેશે.

૧૫.૯ એલોટી દ્વારા પ્રમોટરને સદર કરારની રૂએ ચુકવવાના થતાં નાણાં પુરેપુરા ભરપાઇ ન થાય ત્યાં સુધી એલોટી સદર એપાર્ટમેન્ટ કે તેનો કોઇ પણ ભાગ ભાડે, પેટાભાડે આપી શકશે નહી કે અન્ય આશયથી સહિયારો વાપર ઉપયોગ કરવા માટે આપી શકશે નહી.

૧૫.૧૦ એપાર્ટમેન્ટ કે તેના કોઇપણ ભાગની સુરક્ષા તથા સંચાલન માટે સોસાયટી / લીમીટેડ કંપની / અપેક્ષ બોડી / ફેડરેશનના ગઠન બાદ લાગુ કરવામાં આવેલ તમામ નિયમો, પેટાનિયમો તેમજ તેમાં સુચવવામાં આવેલ વખતો વખતના સુધારા તથા સ્થાનિક સત્તામંડળ અને સરકારશ્રી તથા અન્ય સ્થાનિક સંસ્થાઓ દ્વારા લાગુ જે-તે વખતના નિયમોનું એલોટીએ પાલન કરવાનું રહેશે. સોસાયટી/લીમીટેડ કંપની/અપેક્ષ બોડી/ફેડરેશન દ્વારા એપાર્ટમેન્ટના ભોગવટાના તથા વાપર - ઉપયોગ માટે ઠરાવવામાં આવેલ નિયમો અને શરતોનું પણ પાલન કરવાનું રહેશે તેમજ સદર કરારની રૂએ ચુકવવાના થતા કર, ખર્ચ વગેરે પેટે ચુકવવાનો થતો પોતાનો ફાળો નિયમિત અને સમયસર ચુકવવાનો રહેશે.

SHIVANGAN REALTY

Authorised Signatory

૧૫.૧૧ એલોટી પ્રમોટર અને તેના સર્વેયરો તથા એજન્ટસને, કામદારો સાથે કે કામદારો વિના, દરેક વ્યાજબી સમયે સદર બિલ્ડીગ કે તેના કોઇપણ ભાગમાં પ્રવેશ કરી બિલ્ડીગની સ્થિતિ અને હાલત તપાસવાની અનુમતિ આપશે.

૧૬. દસ્તાવેજની વિગતો :-

જત,ખરીદનારની માંગણી પર, પ્રમોટરે ટાઇટલ, ખત અને દસ્તાવેજો, ઓર્ડર, એન.એ.ઓર્ડર, પરવાનગીઓ, નોંધણીના પ્રમાણપત્રો, ૭/૧૨ ના ઉતારા, સદરહું જમીનના ટાઇટલ સર્ચ રિપોર્ટ, નુકશાન ભરપાઇ ખત, પ્રોજેકટની જમીન અને પ્લાનની બાંધધરીઓ, લેઆઉટસ, પ્રમોટરના અને જમીન જાગીર (અધિનિયમન અને વિકાસ) કાયદો ૨૦૧૬ (જેને હવે પછી સદરહું કાયદા તરીકે સંબોધવામાં આવશે) અને તેના અંર્તગત બનાવવામાં આવેલ બીજા કાયદાઓ અને અધિનિયમો આર્કિટેક દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઇનો અને વર્ણનો ના તમામ દસ્તાવેજો નિરીક્ષણ માટે આપેલ છે.

૧૭. સદર કરારમાં દર્શાવેલ એપાર્ટમેન્ટ અથવા ફ્લેટ/દુકાન અથવા બિલ્ડીગ કે તેના કોઇપણ ભાગને લગતી બાબતનો કાનુની હેતુ માટે ઉપયોગ થઇ શકશે નહી. સદર કરારની રૂએ એલોટીને વેચાવામાં આવેલ એપાર્ટમેન્ટ સહિતની ખુલ્લી જગ્યા, પાર્કીગ સ્પેશ, લોબી, દાદર, ટેરેસ, મનોરંજન સ્થળ વગેરે પર એલોટી પોતાનો દાવો કરી શકશે નહી જ્યાં સુધી તે સદર કરારમાં દર્શાવ્યા મુજબ હસ્તાંતરિત કરવામાં ન આવેલ હોય. અને સદર કરાર મુજબ અમો ખરીદનારને સંપૂર્ણ સંતોષ થયેથી અમો ખરીદનાર સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરીશુ.

૧૮. આથી બિલ્ડર દ્વારા ખરીદનાર/રાઓને ફ્લેટ/દુકાન / ટાવરની સીમાને અડીને ગ્રાઉન્ડ ફ્લોર કે તેને અડીને આવેલ અગાસી કે અગાસીની ખુલ્લી જગ્યા કે જગ્યાઓ ફાળવવામાં આવી હોય તો તેવા ખરીદનાર/રાઓને કે વાપરનારાઓ તે પ્રકારની જગ્યાને ખુલ્લી જગ્યા તરીકે કે અગાસી તરીકે જ વાપરશે અને તેના પર કોઇ પણ પ્રકારના કાયમી કે કામચલાઉ માળખા ઉભા કરવામાં આવશે નહી અથવા અગાસીનો કોઇ પણ ભાગ ઢાંકવામા આવશે નહી કે અગાસીના કોઇ પણ ભાગ કે દિવાલ નો બગીચા તરીકે ઉપયોગ કરવામા આવશે નહી, અને જો બિલ્ડીગના ફ્લેટના ખરીદનાર/રાઓને કે વાપરનારાઓ આ શરતોનો ભંગ કરશે, તો પ્રમોટર આવા કોઇ પણ પ્રકારના માળખાને કાઢવા માટે હકદાર રહેશે અને તેનું જોખમ જે તે ખરીદનાર/રાઓનું રહેશે અને આ પ્રકારના માળખાને કાઢવા માટે હકકદાર રહેશે અને તેનું જોખમ જેતે ખરીદનાર/રાઓનું રહેશે અને આ પ્રકારના માળખાને કાઢવામાટેના ખર્ચ કે નુકશાનીની ભરપાઇ ખરીદનાર/રાઓ ને કરવાની રહેશે. આ શરતના પ્રકારે,ખરીદનાર/રાઓ ઉપર જણાવેલ તમામ શરતોનું પાલન કરશે અને તેમને અનન્ય રીતે વાપરવા માટે આપેલ મિલ્કતમાં કોઇ પણ માળખુ ઉભું કરશે નહી.

SHIVANGAN REALTY

Authorised Signatory

૧૯. જો ખરીદનાર/રાઓ ભોગવટાનું પ્રમાણપત્ર મળતા પહેલા વેચાણ આપેલ એપાર્ટમેન્ટનો કબજો મેળવવા ઇચ્છતા હોય તો તેમને આ પ્રકારનો કબજો એ સમજુતિ સાથે આપવાનો રહેશે કે ખરીદનાર/રાઓને ભોગવટાનું પ્રમાણપત્ર મળે ત્યાં સુધી અન્ય કોઇ પણ સ્થાનિક સત્તા દ્વારા પાણીનું જોડાણ મળી શકશે નહી.

૨૦. સદર એપાર્ટમેન્ટની અગાસી / ટેરેસનો વાપર, કોમન જમીન તથા અન્ય તમામ વરાડે પડતી જગ્યા નો વપાર ઉપયોગ કરવાનો હકક "કેશવ કોમ્પ્લેક્ષ" ના તમામ સભાસદોનો સહિયારો રહેશે. કોમન ટેરેસ પર ભવિષ્યમાં બાંધકામ કરવાનો કે ઉપયોગ કરવાનો કે ભવિષ્યમાં મળનાર એફ.એસ.આઇ. નો કોઇ હકક દાવો અમો પ્રમોટરનો રહેશે નહિ.

૨૧. વિવાદનું નિરાકરણ કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રિગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ના નિયમો અને શરતોની જોગવાઇઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

૨૨. સંચાલક કાયદો :

સદર કરારની રૂએ ઉદ્દભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર વડોદરા ની નામદાર કૉર્ટનું રહેશે.

૨૩. સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી : સદર કરારના રજીસ્ટ્રેશનની સ્ટેમ્પ ડ્યુટીનો ખર્ચ એલોટીએ ભોગવવાનો રહેશે.

૨૪. અમો લખી આપનારે તમો લખી લેનારને સદર વેચાણ દસ્તાવેજથી પરીશીષ્ટમાં જણાવેલ મિલકતના અગાસી (ટેરેસ) ના માલીકી હકકો સાથે મિલકત વેચાણ આપેલ છે. સદર ટાવરની અગાસી (ટેરેસ) ની જગ્યાના તમામ હકકો સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ સભ્યોના રહેશે. ભવિષ્યમાં સદર ટાવરના અગાસી (ટેરેસ) માં વધારાનું બાંધકામ કરવાની પરવાનગી (એફ.એસ.આઇ.) મળે તો તે બાંધકામ કરવાના તમામ હકકો એપાર્ટમેન્ટના તમામ સભ્યોના રહેશે તથા તે કરેલ મિલકતમાં લીફ્ટ, ગટર લાઇન, ઓવર હેડ તથા અંડર ગ્રાઉન્ડના ભાગે આવેલ પાણીની ટાંકીઓ, પાણી તથા લાઈટ તથા ગેસ કનેકશનની લાઇન અંગે જોડાણ કરવા અંગેના હકકો તમામ સભ્યોના રહેશે. અને ટેરેસની માલીકી એપાર્ટમેન્ટના તમામ સભ્યોની રહેશે.

૨૫. સદર મિલકત ની રકમ ચુકવવામાં ઢીલે થશે તો સદર બાનાખત રદ થાય તો બાનાપેટે આપેલ ચુકવેલ તમામ રકમ એલોટીને પરત આપવામાં આવશે.

SHIVANGAN REALTY

Authorised Signatory

૨૬. **કરાર રદ કરવા બાબત : (Severability)**

આ કરારની કોઇપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનીમયો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ કરારના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘરવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૨૭. પ્રમોટર ગીરો મૂકશે નહી કે કોઇ બોજો (ચાર્જ) ઉભો કરશે નહી. પ્રમોટર આ કરાર કરે તે પછી તેઓ આ એપાર્ટમેન્ટ ગીરો મુકશે નહી. અથવા તેના પર કોઇ બોજો (ચાર્જ) ઉભો કરશે નહી., અને જો આવો કોઇ સાનગીરો અથવા બોજો ઊભો કરવામાં આશે, તો તત્પૂરતા સમય માટે અમલમાં હોય તેવા કાયદામાં ગમે તે મજકૂર (જોગવાઇ) હોય તેમ છતાં, આવો સાનગીરો કે બોજો એપાર્ટમેન્ટ/ફ્લેટ લેનાર અથવા લેવા સંમત થનાર એલોટીના હક અને હિતને અસર કરશે નહી.

૨૮. પ્રમોટર આથી જાહેર કરે છે કે આજની તારીખે પરિયોજનાની જમીન માટે ઉપલબ્ધ ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષ (એફએસઆઇ) માત્ર ૭૫૧.૬૫ ચો.મી. જ છે, અને પ્રમોટરે પ્રિમીયમની ચુકવણી કર્યેથી ઉપલબ્ધ બનતા ટી.ડી.આર. અથવા એફ.એસ.આઇ. અથવા વિકાસ નિયંત્રણ નિયમન (ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન) માં જણાવાયા મુજબની જુદી જુદી યોજનાઓના અમલ દ્વારા પ્રોત્સાહક એફ.એસ.આઇ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઇ. અથવા ભવિષ્યમાં વિકાસ નિયંત્રણ નિયમનોમાં ફેરફાર થવાથી અપેક્ષિત વધુ એફ.એસ.આઇ. મળશે, એવા તર્કના આધારે-આ ચારેય બાબતો ઉકત પરિયોજનાને લાગુ પડે છે. ૧૧૨૭.૮૮ ચો.મી. એફ.એસ.આઇ. વાપરવાનું આયોજન કર્યુ છે. ઉકત પરિયોજનામાં પ્રમોટરે પરિયોજનાની જમીન પર તેમણે ૧૧૨૭.૮૧ ચો.મી. એફ.એસ.આઇ. નો ઉપયોગ કરવાનું વિચાર્યુ છે અને એલોટી, સુચીત એફ.એસ.આઇ.નો ઉપયોગ કરીને પ્રમોટર સુચિત બાંધકામ કરવાના છે અને એપાર્ટમેન્ટનું વેચાણ કરવાના છે.

૨૯. પ્રમોટર મિલકત નો કબજો તા.૩૧.૧૨.૨૦૨૭ સુધી અથવા તે પહેલા સોંપી આપશે જો પ્રમોટર ઠરાવેલ સમય પ્રમાણે પ્રોજેકટ સંપુર્ણ કરવામાં તથા એલોટી ને દુકાન/ફ્લેટ સોપવામાં નિષ્ફળ નીવડે તથા એલોટી ને જાતે પ્રોજેકટ માંથી પોતાની મિલ્કત રદન કરાવી હોય તો પ્રમોટર કબજો સોંપી આપે ત્યા સુધી તેને મળેલ તમામ રકમ વાર્ષિક SBI MCLR + ૨ % ના દર મુજબ વ્યાજ ચુકવશે તેમજ એલોટી પણ જો ચુકવવામાં ઢીલ

SHIVANGAN REALTY

Authorised Signatory

કરે તો જે મુજબ ચુકવાની હોય તે તારીખ પછી વાર્ષિક SBI MCLR + ૨ % દર મુજબ વ્યાજ ચુકવા નુ રહેશે.

૩૦. પ્રમોટર પરિયોજના પૂરી કરવા માટેના અને એલોટીને એપાર્ટમેન્ટ/ફ્લેટનો કબજો સોંપવા અંગેના સમયપત્રકનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો, પ્રમોટર એલોટીને જેઓ આ પરિયોજનામાંથી પાછા ખસવા માંગતા નથી _ કબજો ન સોંપે ત્યાં સુધી વિલંબના પ્રત્યેક માસ માટે એલોટીએ ચુકવેલી તમામ રકમો પર વાર્ષિક SBI MCLR +૨% ના દરે વ્યાજ ચુકવવા સંમત થાય છે. એલોટી, તેમની પાસેથી આ કરારની શરતો હેઠળ પ્રમોટરની લેણી નીકળતી અને ચુકવવાપાત્ર બનતી તમામ વિલંબીત ચુકવણી પર તે રકમ એલોટીએ પ્રમોટરને જયારથી ચુકવવાની થતી હોય તે તરીખથી વાર્ષિક SBI MCLR +૨% ના દરે વ્યાજ સાથે પ્રમોટરને ચુકવવા સંમત થાય છે.

૩૧. મકાનનું બાંધકામ પુરૂ થયા બાદ અને સક્ષમ સત્તામંડળ દ્વારા ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવ્યા બાદ પ્રમોટર, કાર્પેટ એરીયામાં કોઇ ફેરફાર થયો હોય તો તેની વિગતો રજુ કરીને, એલોટીને આપવામાં આવેલા આખરી કાર્પેટ એરીયાને પુષ્ટી આપશે. પરંતુ કાર્પેટ એરીયામાં થયેલો ફેરફાર ૩% થી વધુ હોવો જોઇશે નહિ. પ્રમોટર દ્વારા આવી પુષ્ટી આપવામાં આવ્યા બાદ કાર્પેટ એરીયાની કુલ કિંમતીની પુન : ગણતરી કરવાની રહેશે. કાર્પેટ એરીયામાં થયેલો ઘટાડો નિર્ધારિત મર્યાદાની અંદર હોય તો, પ્રમોટર એલોટીએ ચુકવેલા વધુ નાણાં, એલોટીએ આવા વધુ નાણાં જયારથી ચુકવ્યા હોય તે તારીખથી SBI MCLR+૨% ના દરે વાર્ષિક વ્યાજ સાથે, ૪૫ દિવસની અંદર રિફંડ કરશે. એલોટીને આપવામાં આવેલા કાર્પેટ એરીયામાં કોઇ વધારો થયો તો, પ્રમોટર ચુકવણીના કરવામાં આવેલા આયોજનના ત્યારપછીના સીમાસ્તંભ (માઇલસ્ટોન) મુજબ, એલોટી પાસેથી વધારાની રકમની માંગણી કરશે. આ તમામ નાણાંકીય ગોઠવણો, આ કરારના ખંડ ૧ (ક) માં થયેલી સમજુતી મુજબ, ચો.મી. દીઠ સમાન દરે કરવાની રહેશે.

૩૨. સદર યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં........................................................, તા. ................... ના રોજ આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે એનેક્ષર-એ માં જોડવામાં આવેલ છે.

૩૩. પ્રમોટર વધારાની કોઇપણ એફ.એસ.આઇ. નુ કલેમ કરશે નહિ તથા અગાસી/ટેરેસ ના તમામ હકકો એલોટી / એપાર્ટમેન્ટ / સોસાયટીના તમામ સભ્યોનું રહેશે.

SHIVANGAN REALTY
Authorised Signatory

૩૪. બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર (B.U.C.) આવ્યા પછી એફ.એસ.આઇ., વધારાની એફ.એસ.આઇ. તથા ધાબા (અગાસી) ઉપર પ્રમોટરનો કોઇ હકક હિસ્સો રહેશે નહિ. અગર હકક આવે તો એસોસીએશન ઓફ એલોટીને મળી જશે. આવા હક્કો પ્રમોટરના રહેશે નહી.

સુચિ-"અ"

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ કસ્બા, તા.જી.વડોદરાની સીમના રે.સર્વે નં.૬૮૧, વ.વી.વોર્ડ નં.૨, શીટ નં.૨૬૭, ચાલતા નં.૨/૪૩, ૨/૪૪, સીટી સર્વે નં.૨૨૫૪, ૨૨૫૫ વાળી જમીનમાં આવેલ "કીર્તીકુંજ કો.ઓ.હા.સો.લી." (રજી. નં.ઘ-૩૫૮) પૈકી બ્લોક નં.૯ તથા ૧૦, જેના પ્લોટનું ક્ષેત્રફળ અનુક્રમે ૧૫૮.૫૦ ચો.મી. તથા ૨૦૫.૧૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૯૦.૯૩ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનું ક્ષેત્રફળ ૮૮.૨૫ ચો.મી. વાળી બીન-ખેતીની જમીન/મિલકત.

<u>સદરહું જમીનની ચર્તુ:સીમા નીચે મુજબ છે :</u>

પૂર્વે : કીર્તીકુંજ સોસાયટીનો બ્લોક નં.૧૧ આવેલ છે.

પશ્ચિમે : દેવતારા એપાર્ટમેન્ટ આવેલ છે.

ઉત્તરે : કીર્તીકુંજ સોસાયટીનો બ્લોક નં.૮ આવેલ છે.

દક્ષિણે : જલારામ મંદીર રોડ આવેલ છે.

સુચિ-"બ"

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ કસ્બા, તા.જી.વડોદરાની સીમના રે.સર્વે નં.૬૮૧, વ.વી.વોર્ડ નં.૨, શીટ નં.૨૬૭, ચાલતા નં.૨/૪૩, ૨/૪૪, સીટી સર્વે નં.૨૨૫૪, ૨૨૫૫ વાળી જમીનમાં આવેલ "કીર્તીકુંજ કો.ઓ.હા.સો.લી." (રજી. નં.ઘ-૩૫૮) પૈકી બ્લોક નં.૯ તથા ૧૦, જેના પ્લોટનું ક્ષેત્રફળ અનુક્રમે ૧૫૮.૫૦ ચો.મી. તથા ૨૦૫.૧૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૯૦.૯૩ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનું ક્ષેત્રફળ ૮૮.૨૫ ચો.મી. વાળી બીન-ખેતીની જમીનમાં મંજુર થયેલ નકશા મુજબ બાંધવામાં આવેલ "કેશવ કોમ્પલેક્ષ" નામની યોજનાના ટાવર-............ માં ............... ફલોર પર આવેલ ફલેટ/દુકાન નં............., જેનું બાંધકામનું ક્ષેત્રફળ ............. ચો.મી. કાર્પેટ તથા એટેચ્ડ બાલ્કની અને વોશ એરીયાનું ક્ષેત્રફળ................. ચો.મી. તથા તેમાં આવેલ તથા પાર્કીંગ/ગેરેજનું ક્ષેત્રફળ ............ ચો.મી. અને એફ.એસ.આઇ. નું ક્ષેત્રફળ ............ ચો.મી. તથા સદર ફલેટને વરાડે પડતી વણ-વહેંચાયેલ રોડ-રસ્તા અને કોમન જમીનનું ક્ષેત્રફળ ............ ચો.મી. વાળી મિલકત. સદરહું મિલકતની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

SHIVANGAN REALTY

Authorised Signatory

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

સુચિ-"ક"

એપાર્ટમેન્ટ ના બાંધકામ માટેની વિગતો

વિગતો :

સ્ટ્રક્ચર ડિઝાઇન પ્રમાણે આર.સી.સી. ફ્રેમવર્ક અને બ્લોક/ઈંટોનું કડિયાકામ.

પાવડર કોટેડ એલ્યુમિનિયમ સ્લાઇડીંગ વિંડો.

બધા રૂમમાં વિક્ટ્રીફાઇડ ફ્લોરિંગ.

સારી ગુણવત્તા વાળુ સીપી ફિટીંગ અને સેનેટરી વેર.

આઇ.એસ.આઇ બ્રાન્ડની ગુણવત્તા વાળી ઈલેક્ટ્રીક સ્વીચો.

કનસિલ્ડ આઇ.એસ.આઇ વાયરીંગ

પુરતા ઈલેક્ટ્રીક પોઇન્ટ સાથે ઈલેક્ટ્રીક વાયરીંગ અને સ્વીચો.

નોંધઃ

સદરહું વિગતો સામાન્ય છે જે સામગ્રીની ઉપલબ્ધતા પર આધારિત હોવાથી બદલાઇ શકે છે.

કોઇ પણ વધારાની વિગતો કે કામની અલગથી કિંમત ચુકવવાની રહેશે. ઉપર આપેલ મુજબ નક્કી થયેલમાં કોઇ પણ વસ્તુ રદ કરવા પર કે વર્જ્ય કરવા પર રિબેટ કે રીફંડ મળશે નહી.

સર્વગત સુવિધાઓ

- મંજુર કરેલ પ્લાન મુજબ પાર્કિંગ
- કંપાઉન્ડ વોલ
- એલિવેટર
- સર્વગત પાણીનો પુરવઠો

જેની સાક્ષીએ આ કરાર ના દિવસે મહિને વર્ષ ૨૦૨૨ માં કરવામાં આવે છે તે વ્યકિતઓ.

SHIVANGAN REALTY

Authorised Signatory

<u>બીજાપક્ષવાળા / વેચનાર/પ્રમોટર :</u>
શિવાંગન રીયલ્ટી એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે
વહીવટકર્તા ભાગીદારો -

૧. ........................................
(અજયસિંહ ભરતસિંહ સરવૈયા)

૨. ....................................
(હર્ષવર્ધનસિંહ એસ. વાઘેલા)

૩. .................................
(રવિન્દ્રસિંહ એમ. ચૌહાણ)

<u>વેચાણ રાખનાર/લખાવી લેનાર/એકતરફવાળાઃ</u>

.........................

SHIVANGAN REALTY

Authorised Signatory